**મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,**
**સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.**

**CIN :U40102GJ2003SGC042907**

ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪

ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦

ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com

ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com


## ❖ ઘરવપરાશ નાં વીજ જોડાણો :

## ❖ અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસુચિત જાતિના વિસ્તારોમાં ઘરવપરાશ નાં વીજજોડાણ અંગેની રૂપરેખા :

જે અન્વયે અરજદારશ્રીઓ દ્વારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે;

૧. અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિસ્તારોમાં વીજળીકરણ શહેરી તેમજ ગ્રામ્ય એમ બંને વિસ્તારોને લાગુ પડે છે.

૨. રાજ્યના સમગ્ર અનુસુચિત જાતિના વિસ્તારોમાં આવેલ અનુસુચિત જાતિના ગરીબ કુટુંબોને નિઃશુલ્ક ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે.

૩. અનુસૂચિત જાતિના વિસ્તારો કે જે વિસ્તારોનું વિજળીકરણ ફકત હળવા દબાણની લાઇનથી કરવાનું શકય હોય તે વિસ્તાર માટે ઉભી કરવી પડતી વીજરેષાનો પૂરેપૂરો ખર્ચ આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.

૪. ઇન્દીરા આવાસ, ઇન્દીરાનગર, ૧૦૦ ચોરસવારના પ્લોટ કે મફત પ્લોટ કે આવી નવી વસાહતો કે જયાં અનુસૂચિત જાતિના લોકોની વસ્તી તે વિસ્તારની કુલ વસ્તી કરતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેવા વિસ્તારને આ યોજનામાં આવરી લેવામાં આવે છે.

૫. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના આવા વીજળીકરણ માટે ઉભી કરવી પડતી ભારે/હળવા દબાણની લાઇન અને વીજ વિતરણ કેન્દ્રનો ખર્ચ પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે. પરંતુ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવા માટે ૨૦ કે તેથી વધુ લાભાર્થીઓની માંગણી હોવી જરૂરી છે. જે પૈકી ૪૦ ટકા લાભાર્થીઓ અનુ.જાતિના હોવા જરુરી છે.

૬. સદર યોજના હેઠળ નોંધણી ફી, ટેસ્ટ રીપોર્ટની ફી તથા વીજબીલ અનામતની રકમ લાભાર્થી પાસેથી વસુલવામાં આવતી નથી.

૭. લાભાર્થીએ સમાજ કલ્યાણ વિભાગ મારફત અથવા વ્યકિતગત કિસ્સામાં સમાજ કલ્યાણ વિભાગ પાસેથી જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી કરવાની રહેશે. હાલમાં અરજી ઓનલાઈન માધ્યમ દ્વારા નોંધણી કરવામાં આવે છે.